


## સલામી સવારની..

*કોઈના દબાણથકી બેઠા છો, માપમાં તો તોલો!*
*ગઈ છે ફરિયાદ દિલ્હી સુધી, સૂરમાં તો બોલો!*
*ખેંચાઈ લગામ, રાખો કાબૂ, હણહણાટી પર -*
*હિંમત હોય તો ખુલ્લું, 'અનામત' નામ તો બોલો!!*

*ઠંડીમાં પણ -*
*ઠૂંઠવાતું નગર -*
*નંબર વન!*

*ઠલવાય છે,*
*ઉતાર 'ભાજપ' માં -*
*કચરા પેટી?!*
*(એન ડી તિવારી પધાર્યા!)*

હાઈકુ

## ચિંતન

**માયા ઈસ ન આપુ કહં, જાન અહિસ સો જીવ,**
**બંધ મોચ્છ પ્રદ સર્બ પર, માયા પ્રેરક સીવ.**

ઉપરોક્ત સાખી તુલસી રામાયણમાંથી લેવામાં આવેલ છે.

જેની માયા ઉપર સત્તા ચાલતી નથી તે જીવ છે, પણ બંધન તથા મોક્ષ આપવા વાળો તેમજ સઘળા માયાનો પ્રેરક છે, તે ઈશ્વર છે.

આપણે સૌ માયાનાં રમકડાં છે તે ઈચ્છા મુજબ આપણને રમાડે ગમે તેટલા જ્ઞાની-સજાગ મહાત્માઓ પણ 'માયા' નો શિકાર થઈ પતનની ગર્તામાં સરી પડે છે. માયાથી બચવું મુશ્કેલ છે કોઈ 'સંયમી' જ બચી શકે.

'રામચરિત' માં 'નારદજી' 'ગરુડજી' પણ માયા તો શિકાર થયા હતા.

'માયા' ને ઉપર વર્ચસ્વ ધરાવે માયાનું ખૂદ સર્જન કરે તે ઈશ્વર છે.

## સુવિચાર

- વિષ પણ અમૃતનું કાર્ય કરી શકે વિચાર પચે તો,
  પથ્થર પણ સીડી બની શકે જો વિચાર પચે તો - **જનકલ્યાણ**
- ઉદ્યાન પાસેથી પસાર થઈ રહ્યા છીએ કે ઉકરડા પાસેથી તેની જાણ તો 'સુરદાસ' ને પણ થઈ જાય છે - **સુરેશ દલાલ**
- જ્યાં કારેલાના વેલો ઊગી શકે છે, ત્યાં મધમીઠી શેરડી પણ ઊગી શકે છે,
  મુશ્કેલી ત્યાં છે જયાં કશું ઉપજતું જ નથી - **અરબી કહેવત**
- કોઈનાં આંસુ લુછવા એ સેવા હોઈ શકે,
  પરંતુ કોઈનીયે આંખમાં આંસુ આવે જ નહીં તેની કાળજી રાખવી તે પ્રેમ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હૃદયની આબોહવા વિષમ હોય ત્યારે હવા ખાવાનું કોઈ સ્થળ શાંતિ આપી શકતું નથી - **ભૂપત વડોદરિયા**
- રસ્તો સવળો પણ હોય, રસ્તો અવળો પણ હોય, જે કંઈ પૂછવાનું હોય, તારાં પગલાં ને પૂછ - **સ્નેહલ પરમાર**
- આજનું ઔષધ : પ્રસુતા સ્ત્રીને ફૂણો ગવાર ખાવામાં આપવાથી ધાવણ વધે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ અનીતિ-ખાયકી-કૌભાંડો વધ્યાં છે એનું કારણ માણસમાં સત્સંગની કમી છે. ઈશ્વર અને મૃત્યુનો ભય રહ્યો જ નથી. એ એમ માને છે કે આ પૈસામાંથી હું જિંદગીભર - અમર થઈ સુખ ઉપભોગ માણીશ.

સંત ઈબ્રાહીમ એક નગરમાં સત્સંગ કરી ઘેર જતા હતા. નગરના ચોકીદારે એમને ઓળખ્યાં નહીં - પૂછયું. અલ્યા તું કોણ છો? સંત ઈબ્રાહીમ કહે 'ગુલામ'... ચોકીદારે તેને પૂછયું તું રહે છે ક્યાં? સંત કહે 'કબ્રસ્તાન.'

ચોકીદારને જવાબ અટપટા લાગતાં પકડીને માર્યો ને ચોકીમાં બેસાડી દીધો.

સવારે લોકોને ખબર પડી - સંત ઈબ્રાહીમને છોડાવ્યા. પેલો ચોકીદાર પણ આવ્યો અને માફી માગી. કહ્યું આપના જવાબ અટપતા હતા તેથી ભૂલ થઈ, પણ હવે આપ મને એ જવાબનો અર્થ સમજાવો!

સંત કહે - જો ભાઈ આપણે બદા જ ઈશ્વરના 'ગુલામ' જ છીએ. અને આપણા સૌનું કાયમી - છેલ્લું નિવાસસ્થાન 'કબ્રસ્તાન' જ છે એટલું જ યાદ રાખી જીવન જીવવું જોઈએ.

# ફિક્સ વેતનધારીઓને આંશિક સંતોષ

હજારો ફિક્સ વેતનધારી કર્મચારીઓને એમની વર્ષોથી ચાલી રહેલી માગણીના અનુસંધાનમાં માતબર પગારવધારાની જાહેરાત કરીને ગુજરાત સરકારે એક વિશાળ જનસમુદાયને સંતોષવાનો પ્રયાસ કર્યો છે. અલગ અલગ કૅટેગરી મુજબ અલગ - અલગ પગારવધારાથી અલબત્ત, નીચલી કૅટેગરીવાળા કર્મચારીઓ એટલા રાજી નહીં થાય જેટલા સો ટકાથી પણ વધુ પગારવધારો મેળવનાં ઉપલાં પગારધોરણોવાળા થશે. વળી ફિક્સ પગારવાળી નોકરીનાં વર્ષોને સળંગ નોકરીમાં ગણવાથી પ્રમોશન જેવી બાબતોમાં પણ કર્મચારીઓને લાભ થવાનો છે, તે આવકારદાયક પગલું છે. શાસક ભારતીય જનતા પાર્ટી સામે ફિક્સ પગારધારી કર્મચારીઓની સમસ્યા આગામી ચૂંટણી ટાણે અવરોધ રૂપ બને એમ હતી, તે મુદ્દો ફક્ત ગુજરાત સરકારના જન હીં બલકે કેન્દ્રિત નેતાગીરીના પણ ધ્યાનમાં હતો. વળી આ માગણી કંઈ આજકાલની ન હતી. એ મુદ્દે અનેક વાર કરાયેલ રજૂઆતો બહેરા કાને અથડાયા પછી સરકારને દબાઈ-ચંપાઈને આ નિર્ણય કરવો પડેલ છે, તે સમજી શકાય એવું છે. એક તરફ નિયમિત પગારધારી કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબના વેતન વધારાની નવાજેશ થતી હોય અને સામે એવું જ કામ અને એટલા જ સમયના વળતર લેખે ફિક્સ પગારવાળા કર્મચારીને નજીવું વળતર અપાતું રહ્યું તે આપણા સમયની કરુણ વાસ્તવિકતા અને વિડંબના છે. મહિનો પૂરો થયે બે છેડા સરખા કરવા કેવી રીતે એની વિસામણમાં આ ફિક્સ વેતનધારી કર્મચારીઓ કેટલા ઊંડો સ્ટ્રેસ અનુભવતા હશે એ

**તંત્રીસ્થાનેથી...**

તો એમને પૂછો તો ખબર પડે. સરકાર ઉત્સવો અને આત્મશ્લાધા પાછળ અબજો રૂપિયા પાણીની જેમ વાપરતી રહી, પણ આ દુખિયારા જીવો પ્રત્યે એનું ધ્યાન તો સુપ્રીમ કોર્ટના અને હાઈકોર્ટના આદેશ પછી જ ગયું. સરખા કામ માટે સરખું વેતન આપવાના ચુકાદા પછી સરકાર પાસે આ માગણીઓ અંગે ઝૂકવા સિવાય વિકલ્પ જ કયાં બચ્યો હતો ? વળી વિપક્ષના નેતાઓ તો આ મુદ્દો ચૂંટણી ઢંઢેરામાં સામેલ કરી એક વિશાળ કર્મચારી સમુદાયને વોટબેંકમાં ફેરવવાની તજવીજમાં હતા. આખરે આ કઠોર વાસ્તવિકને નજરઅંદાજ કરવાં જતાં ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં જ નહીં બલકે ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણીમાં પણ પાર્ટીને ભારે નુકશાન થવાના સંકેતો સાંપડતાં હવે વધુ મોડું કરવાનું રાજય સરકારને પોસાય એમ ન હતું. આ પગારવધારાના સરકારી નિર્ણયની જાહેરાત ઉપમુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા કરાઈ છે તે પણ સૂચક છે. થોડા જ દિવસો પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે થયેલી એમની મુલાકાતમાં આ મુદ્દો ચર્ચાયો હશે અને ઉપરથી આદેશ થયો એવું અનુમાન જરૂર કરી શકાય. જો કે સરકારે ફિક્સ પગારવાળી ભરતી ચાલુ રાખવાની જાહેરાત પણ કરી છે, જે કદાચ સર્વોચ્ચ અદાલતને ભાગ્યે જ ગમશે. સરકાર એના આ નિર્ણયની જાણ સોગંધનામું કરીને કરશે ત્યારે ફરી એકવાર અદાલત સમાન કામ માટે સમાન વેતનનો નિયમ સંતોષાતો નહીં હોવાનું નિરીક્ષણ કરી શકે છે. જો કે આંદોલન ચલાવનારા ઍક્ટિવિસ્ટોને બાદ કરતાં મોટા ભાગના ફિક્સ વેતનધારી કર્મચારીઓ સરકારના આ નિર્ણયને આવકારશે, એ પણ સમજી શકાય એવું છે. આખરે એમની માગણી પૂર્ણપણે નહીં તો આશિંક રીતે પણ સંતોષાઈ છે, એ ઘણા બધાને પૂરતું લાગશે. છતાં ફિક્સ પગારમાં કામ કરતાં કર્મચારીઓ અત્યાર લગી થયેલ શોષણ સામે એરિયર્સની માગણી નહીં જ કરે, એવું તો કેમ માની શકાય? આ મુદ્દે કર્મચારીઓના નેતા અદાલતમાં દાદ માગશે તો રાજય સરકાર માટે તો શિરદર્દ ઊભું જ રહેશે.

# એક અજાણ્યા શાસકની કીર્તિકથા

સાપ ગયા અને લિસોટા રહ્યા, એવું થયું. પાટલિપુત્રમાંથી સમૃદ્ધ મગધ સામ્રાજયનું શાસન થતું હતું. ત્યાં બિંબિસાર અને અશોક જેવા સમર્થ શાસકો હતા. એટલે આ વિશાળ સામ્રાજય સુરક્ષિત હતું. પરંતુ એના અનુગામી તરીકે હવે બૃહદ્રથ આવ્યો. તે નબળો, કાયર, નાહિંમત અને આત્મ સન્માન વગરનો હતો. આને કારણે પ્રજાજનો અને આશ્રિત રાજયોમાં અસલામતી જાગી. એક બાજુથી આશ્રિત રાજયો છૂટા પડવાનું વિચારવા લાગ્યા. બીજી બાજું, વાયવ્ય સરહદેથી ગ્રીકો ધસી આવ્યા. છેક અયોધ્યા અને ચિત્તોડને ઘેરી લીધું; ત્યાં સુધી આવી ગયા.



મગધનો સરસેના પતિ ૨૫ વર્ષથી મૌર્યાની સેવામાં હતો. તે પુષ્યમિત્ર હતો. શુંગવંશી ભાર્ગવ ગોત્રના આ બ્રાહ્મથી આ સહન થતું ન હતું. તેણે પોતાના સેનાધ્યક્ષોને વિશ્વાસમાં લીધા. રાજયમાં મંત્રીઓને વિશ્વાસમાં લીધા. એક મંત્રી કૌંડિન્ય માનતો ન હતો. એને કેદમાં નાખી દીધો.

એણે સમગ્ર સેનાને એકત્રિત કરી અને પરેડ કરી. બૃહદ્રથ ને સેનાનિરીક્ષણ માટે બોલાવ્યો, બૃહદ્રથ સેના પાસેથી પસાર થતો હતો, ત્યારે જાહેરમાં એણે બૃહદ્રથની હત્યા કરી નાખી! સેનાએ એકી અવાજે પુષ્યમિત્રને જયઘોષ કર્યો.

હવે સેનાધ્યક્ષો અને મંત્રીઓના આગ્રહથી એણે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં. એણે પાંત્રીસ વર્ષ શાસન કર્યું. પરંતુ એણે પોતાની ઓળખ 'સમ્રાટ' તરીકે રાખી જ નહિ. એ પોતાને 'સેનાપતિ' તરીકે જ ઓળખાવતો. હવે મગધના પ્રજાજનો જ નહિ, મગધના આશ્રિત રાજયો પણ ખુશ થયા, અને નચિંત બની ગયા. સૌને આનામાં વિશ્વાસ હતો.

એણે પહેલું કામ કર્યું - ગ્રીકોને સજ્ઞ યુદ્ધ આપ્યું. એમને હરાવ્યા. એમની પાછળ પડીને એમને દેશની વાયવ્ય સરહદે ખદેડતો ગયો. હવે અફઘાનિસ્તાન સુધી એનો રાજયવિસ્તાર થયો.

એ પોતાને 'પરમભાગવત' તરીકે ઓળખાવતો. બિંબિસાર અને અશોકના સમયમાં હિંદુધર્મ હાંસિયામાં ધકેલાઈ ગયો હતો. એણે પુનર્જાગરણનું કામ કર્યું. કોઈ પણ સમ્રાટ પોતાના શાસનકાળમાં એક અશ્વમેઘ યજ્ઞ કરી શકે. એણે બે અશ્વમેઘ કર્યા. પહેલો, શાસનને પ્રારંભે ગ્રીક વિજય પછી કર્યો. પછી તેત્રીસ વર્ષ પછી ફરી વાર કર્યો. આ વખતે તો સેનાનું નેતૃત્વ પોતાના સત્તર વર્ષના પૌત્ર વસુમિત્રે કર્યું. ગ્રીકોના સેનાપતિ મિનેન્ડરે એને પડકાર્યો. પરંતુ ફરી ગ્રીકોને એણે હરાવ્યા.




તેનામાં સહિષ્ણુતા અને ઉદારતા હતી. એના પુત્ર અગ્નિમિત્રના રાજપરિવારમાં જ બૌદ્ધ પરિવ્રાજિકા હતી. ભારહૂતમાં એણે ભવ્ય સ્તૂપનું નિર્માણ કરાવ્યું.

એણે કલા અને સ્થાપત્યને પ્રોત્સાહન આપ્યું. વિદિશામાં એણે સંગીત, નાટ્ય અને નૃત્ય માટે કલાસંસ્થા સ્થાપી. અહીં શર્મિષ્ઠા નામની અધ્યાપિકા નૃત્યને અનુરુપ ગીતોની રચના કરતી. પુષ્યમિત્રના રાજયાશ્રમમાં ભગવાન પતંજલિ થયા. તેણે પાણિનિના વ્યાકરણ ઉમર 'મહાભાષ્ય'ની રચના કરી.

સાહસ, પરાક્રમ, દૃઢ નિર્ણયશક્તિ, સહિષ્ણુતા, ઉદારતા, પ્રજાવત્સલતા, નમ્રતા, ધાર્મિકતા - આ પ્રકારના સદ્‌ગુણો એના જીવનમાં ચરિતાર્થ થયેલા છે. આ રીતે સેનાપતિ પુષ્યમિત્ર ભારતના ઈતિહાસનું ઓછું જાણીતું પરંતુ ગૌરવશીલ વ્યક્તિત્વ છે.

# કાંકરીયાની વચ્ચે આવેલ નગીનાવાડી કોણે બંધાવી હતી ?




## ગુજરાતનો ઇતિહાસ

(૧) મૈત્રક વંશની સ્થાપના કોણે કરી હતી?
(અ) ભટ્ટાર્કે (બ) ચંદ્રગુપ્તે
(ક) ધ્રુવસેન (ડ) વાગ્દત્તે

(૨) અહમદ શાહે સિદ્ધપુરના રૂદ્રમાળનો નાશ કયારે કર્યો હતો ?
(અ) ઈ.સ. ૧૪૧૦ (બ) ઈ.સ. ૧૪૧૫
(ક) ઈ.સ. ૧૪૨૦ (ડ) ઈ.સ. ૧૪૧૦

(૩) ગુજરાતના સૌથી પરાક્રમી સુલતાન તરીકે કોણ ઓળખાય છે?
(અ) મુઝફ્ફરશાહ (બ) અહમદ શાહ
(ક) મહમદ બેગડો (ડ) જહાંગીર

(૪) શાહીબાગની સ્થાપના કોણે કરી હતી ?
(અ) કુતુબુદ્દીન શાહે (બ) જહાંગીરે
(ક) ભગતસિંહજીએ (ડ) શાહજહાંએ

(૫) કાંકરીયાની વચ્ચે આવેલ નગીનાવાડી કોણે બંધાવી હતી ?
(અ) કુતુબુદ્દીન શાહે (બ) હુમાયુએ
(ક) શાહજહાંએ (ડ) મુઝફ્ફરશાહ

(૬) અમૃતવર્ષિણી વાવ અમદાવાદના કયા વિસ્તારમાં આવેલી છે ?
(અ) અસારવા (બ) બાપુનગર
(ક) હાંસોલ (ડ) પાંચકુવા દરવાજા પાસે

(૭) અમદાવાદના કયો વેપારી મુઘલ શાસકો પણ સારો પ્રભાવ ધરાવતા હતા ?
(અ) રણછોડલાલ શાહ (બ) પૂનમચંદ શાહ
(ક) કસ્તુરભાઈ (ડ) શાંતિલાલ ઝવેરી

(૮) ૧૮૫૦ માં એન્ડ્રુઝ લાઈબ્રેરી કયા શહેરમાં શરૂ કરવામાં આવી હતી?
(અ) ભરૂચ (બ) વડોદરા
(ક) સુરત (ડ) વિરમગામ

(૯) લંડનમાં કયા ગુજરાતીએ 'ધી ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ' નામનું માસિક શરૂ કર્યું હતું?
(અ) શ્યામજી કૃષ્ણવર્મા (બ) શ્રી મહર્ષિ અરવિંદ
(ક) શ્રી શાંતિલાલ શાહે (ડ) ઈચ્છારામ દેસાઈ

(૧૦) મોહનલાલ પંડ્યા કયા નામે ઓળખાતા હતા ?
(અ) ધમાલીયા (બ) ડુંગળીચોર
(ક) રખડેલ (ડ) દિનબંધુ

(૧૧) 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' સાપ્તાહિક કોણ ચલાવતું હતું?
(અ) વિનોભા ભાવે (બ) બાળ ગંગાધર તિલક
(ક) ગાંધીજી (ડ) લજપતરાય

(૧૨) સરદાર સ્વરાજ આશ્રમ કયાં આવેલો છે?
(અ) બારડોલી (બ) નવસારી
(ક) ફેરકુવા (ડ) ધમાસણા

(૧૩) મૌર્ય ક્ષત્રપ, અને ગુપ્તવંશમાં ગુજરાતની રાજધાની કઈ હતી?
(અ) પાટણ (બ) વલ્લભીપુર
(ક) સિદ્ધપુર (ડ) ગિરિનગર

(૧૪) મૈત્રકવંશનો છેલ્લે રાજા કયો હતો ?
(અ) શિલાદૈત્ય સાતમો (બ) રૂદ્રમાતા
(ક) સ્કંદગુપ્ત (ડ) ભટ્ટાર્ક

(૧૫) ગૂર્જર પ્રદેશની પહેલી રાજધાની કરી હતી?
(અ) ચાંપાનેર (બ) વિરમગામ
(ક) ગોંડલ (ડ) ભિન્નમાલ

## વિવિધા

**વિષય : વિશ્વમાં આવેલ રણ અને તેમનો વિસ્તાર**

| રણ | દેશ | વિસ્તાર (ચો.કિ.મી) |
|---|---|---|
| સહરા | ઉત્તર આફ્રિકા | ૯૦,૯૫,૦૦૦ |
| લિબિયા | ઉત્તર આફ્રિકા | ૧૬,૮૩,૫૦૦ |
| સિમ્પ્સન અને સ્ટર્ટ | મધ્ય ઓસ્ટ્રેલિયા | ૧૫,૫૪,૦૦૦ |
| ગોબી | મોગોલિયા | ૧૦,૩૬,૦૦૦ |
| ગ્રેટ વિક્ટોરીયા | દક્ષિણ ઓસ્ટ્રેલિયા | ૩,૨૩,૮૦૦ |
| દમાસ્કસ | સીરિયા | ૩,૨૩,૮૦૦ |
| કિઝિલકુમ | તુર્કમેનીસ્તાન | ૨,૩૩,૧૦૦ |
| અરેબિયન | ઈજિપ્ત | ૧,૨૯,૫૦૦ |
| રૂબ-અલ-ખાલી | સાઉદી અરેબિયા | ૬,૪૭,૦૦૦ |
| કાલાહરિ | બોટ્સવાના | ૫,૧૮,૦૦૦ |
| ગ્રેટ સેન્ડી | ઉત્તર પશ્ચિમ ઓસ્ટ્રલિયા | ૪,૧૪,૦૦૦ |
| તાકલા માકાન | ચીન | ૩,૨૩,૦૦૦ |
| નૂબિયા | સુદાન | ૨,૫૯,૦૦૦ |
| થર | ભારત-પાકિસ્તાન | ૨,૫૯,૦૦૦ |

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : તાજેતરમાં બંગાળના કયા સંસદ સભ્યની ધરપકડથી મમતા બેનરજી નારાજ છે?**

**જવાબ : તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સૂદીપ બંદોપાધ્યાય**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : સે-૬બી, ૬૩૦
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) ધાર્મિક. એસ. પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે
(૬) હાર્દિક આર મકવાણા : સે-૨૪
(૭) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(૮) નરેન્દ્ર રાવત : સે-૨૩

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભૂતપૂર્વ મુખ્યમંત્રી એન ડી તિવારીનો કયો પુત્ર ભારતીય જનતા પાર્ટીમાં જોડાયો.**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) ડ (૫) અ (૬) ડ (૭) ડ (૮) ક (૯) અ (૧૦) બ (૧૧) ક (૧૨) અ (૧૩) ડ (૧૪) અ (૧૫) ડ

# લોહીની સમજ અથવા લોહીની કિંમત

પ્રભુદાસ ભાઈ સ્કુલમાં શિક્ષક છે. વર્ષોથી સવારે ૭ વાગ્યે સ્કુલમાં ભણાવવા પહોચી જાય છે અને રાતના મોડા સુધી સ્કુલ પછી સમાજ ના કામ કરવાના,ગરીબોને મદદ કરવાની જરૂરિયાતમંદને જે કઈ જરૂરી હોય તેના માટે બનતી કોશિશ કરવાની. સવારે ૫ વાગ્યે ઊઠવાનું યોગ કરી, સ્નાન કરી, ભગવાનની પૂજા કરી સવારે ૭ ના ટકોરે સ્કૂલમાં પહોચી જવાનું. ખરા દિલથી ખરી મહેનતથી છોકરાઓને ભણાવાના પછી સ્કુલ પત્યાં પછી બપોરના ૨ કલાક આરામ કરી સમાજના બધા કામ કરવા નીકળી પડતા, કોઈ નો ખોટો પૈસો લેવાનો નહિ . જે છોકરા ને તકલીફ હોય એ ૨-૩ વાગયા ના ગાળા માં ઘરે આવી ને પોતાના મુજવતા પ્રશ્નો કોઈ પણ પૈસા આપ્યા વગર સોલ્વ કરી જાય, આવી સરસ મજાની ઈર્ષા થાય એવું પ્રભુદાસ ભાઈનું જીવન અચાનક પ્રભુદાસ ભાઈ ને અશક્તિ લાગવા માંડી શરીર પીળું પાડવા માંડ્યું.

હાથ-પગ પર થોડા સોજા પણ થવા લાગ્યા સવારે સ્કુલે જવામાં તેમને આળસ આવવા લાગી જમવાની ઈચ્છા થતી નહિ માંડ માંડ સ્કુલનું કામ પતાવી બિલકુલ જમવાની ઈચ્છા ના હોવા છતાં થોડું જમી, સુતા રહેતા. ૨ થી ૩માં કોઈ છોકરો કઈ પૂછવા આવે તો તેમણે કઈ ગમતું નહિ. પ્રભુદાસ ભાઈ એ મનોમંથન કર્યું. મૂળ તો શિક્ષક ને તેમણે જાતે જ કારણ શોધી કાઢ્યું. કે મારા શરીરમાં કઈ તકલીફ છે. ડોક્ટરની સલાહ લીધી. ડોકટરે જોતા વેત જ કહી દીધું કે તમારામાં લોહી ખુબજ ઓછુ થઈ ગયું છે એટલે કે લોહીના ટકા વધારે પડતા ઓછા થઈ ગયા લાગે છે, પ્રભુદાસ ભાઈ તમે લેબોરેટરીમાં જાઓ લોહીના ટેસ્ટ કરાવો પછી આપને જોઈએ કે લોહી ઓછું થઈ જવાનું કારણ શું છે? ડોક્ટર સાહેબે પ્રભુદાસ ભાઈને એનેમિયા પ્રોફાઈલ નામનો ટેસ્ટ લખી આપ્યો. પરભુદાસ ભાઈએ વાંચ્યું અને કહ્યું કે આ એનેમિયા ટેસ્ટ શું છે ? ડોકટરે કહ્યું એ મેડીકલ ટર્મિનોલોજી છે તમને નહિ સમજાય. પ્રભુદાસ બોલ્યા હું સાયન્સ નો શિક્ષક છું મને સમજાવો હું જલ્દી સમજી જઈશ ડોકટરે કહ્યું પ્રભુદાસભાઈ એનેમિયા પ્રોફાઈલ એટલે લોહી ઓછું થવા માટે ના કારણો ના ટેસ્ટનો સમૂહ જેમાં HBTCDCESR, એટલે કમ્પ્લીટ CBC, SERUM IRON, IRON BUINDING CAPICITY, FERRITIN, FOLIC ACID, DIRECT અને INDIRECT COOMB TEST, G6PD, HB ELECTROPHORESIS, STOOL EXAMINATION, VITAMIN B12, VITAMIN D, RETIC COUNT વગેરે ટેસ્ટ કરવાના હોય છે પ્રભુદાસ ભાઈને થોડી ખબર પડી અને થોડી ના પડી ,થોડી તબિયત ખરાબના લીધે મૂડ ન હતો. ડોક્ટર જોડે બહુ જ કાઉન્સેલિંગના કર્યું અને ડોકટરે અપેલું લેબોરેટરીનું ફોમ લઈને ગાંધીનગરની સારી લેબોરેટરીમાં ગયા બધાજ રીપોર્ટ સાંજ સુધીમાં પ્રભુદાસ ભાઈ ને મળી ગયા. ડોકટરે બધા રીપોર્ટ નું નિરીક્ષણ કર્યું. પરભૂદાસ્ભાઈ ના પ્રશ્નો અને રીપોર્ટ નું રીઝલ્ટ ના બધા સરવાળા કાર્ય અને પછી ડોક્ટર એ ન્યાય ઉપર આવ્યા કે લોહી નું પ્રમાણ ખુબ ઓછું છે અને ઝાડા(STOOL )માં લોહી જાય છે એવું કારણ નીકળ્યું , ઝાડા માં લોહી ક્યાં કારનો સર જાય? ડોકટરે કહ્યું કે આંતરડા માં કોઈ પણ પ્રકાર ની તકલીફ હોય તો આંતરડા માંથી લોહી વહે. એકતો બહુજ સામાન્ય કારણ છે મસા એટલેકે PILES અથવાતો પોલીપ જેમાં ખુબજ લોહી વહી જતું હોય છે.અને ઝાડામાં તે OCCULT BLOOD નામના ટેસ્ટ થી ખબર પડે છે કે ઝાડા માં લોહી જાય છે. લોહી જવાનું બીજું કારણ શું? અલ્સર એટલે કે આતરડામાં ચાંદી. જેમાં આંતરડામાંથી નીકળી લોહી ઝાડા વાટે વહી જતું હોય છે જેને OCCULT BLOOD દ્વારા ઝાડામાંથી શોધી શકાય છે. ડોક્ટર સાહેબે કહ્યું કે પ્રભુદાસ ભાઈ તમે શિક્ષક છો એટલે પૂછશો કે આંતરડામાં ચાંદી પડવાનું કારણ શું ? જેમ પ્રભુદાસ ભાઈ મસા થવા માટે ઘણા બધા કારણો હોય કે પણ અગત્યનું કારણ આંતરડામાં એક પોલીપ થાય છે અને પોલીપમાંથી લોહી ટપકતું હોય છે જે આંતરડા નો ભાગજ હોય છે જેને એટલેકે પોલીપના ઉપરના ભાગને બાળી નાખી ને અથવા કોતરી કરતીને અથવા તો દવાથી કંટ્રોલ અથવા તો મટાડી શકાય છે એવી રીતે જ આંતરડા માં ચાંદા પડવાના ઘણા કારણ હોય છે જેમકે કોઈ કારણસર આંતરડામાં ચાંદી પડી હોય તો એનું પહેલું કારણ જો તાવ સાથે હોય તો ટાઈફોઈડ ના લીધે આંતરડામાં ચાંદ પડે છે, અલ્સરેટીવ કોલઈટીસ નામ ના રોગમાં પણ ચાંદા પડે છે અને લોહી પડે છે અલ્સરેટીવ કોલાઈટીસના હજી સુધી કોઈ કારણ ખબર નથી અને ત્રીજું કારણ છે આંતરડામાં જયારે કેન્સર થાય છે ત્યારે પણ ચાંદા પડે છે અને લોહી વહે છે પણ પ્રભુદાસ ભાઈ તમારું HB 4 કરતા પણ ઓછુ છે એટલે ૩-૪ બોટલ લોહી ચઢાવ્યા પછી આપને આંતરડામાં શું તમને તકલીફ છે તેનું દૂરબીન નખાવી ને તપાસ કરાવીશું જેને કોલોનોસ્કોપી કહે છે. પ્રભુદાસ ભાઈ એકદમ ઢલા પડી ગયા અરે સાહેબ મારે લોહી નથી ચઢાવું. ડોકટરે પૂછ્યું કેમ ? સાહેબ, મેં એવું સાંભળ્યું છે લોહી ની બ્લડબેંક વાળા લોહીના એટલા બધા પૈસા લે છે ! લોહીના વળી પૈસા હોય? પ્રભુદાસ ભાઈ




અનુસંધાન પાના નં. ૭ પર